અપીલ અરજી નં.૭૬ તા.૧–૭–'૦૮.

***અરજદાર :*** શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડ
***સામાવાળા:*** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન.

# હુકમ :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડનીતા.૨૮–૫–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ મોજે સર્વે નં.૬૯સીમાડાના બ્લોક નં.૧૦૨/બ, કુબેરનગર સોસા.,સીઓપીમાં વધારાના બાંધકામ સુડાના હુકમ બિનખેતી અંગેના હુકમ સીઓપી અને ખુલ્લા પ્લોટોના માપો, ગેરકાયદેસર પેનલ્ટી, રજાચિઠ્ઠી, યુ.એલ.સી.,ડીમોલેશન પાવર ઓફ એટર્ની, અને સબંધિત કર્મચારી વિગેરે અંગે માંગેલી માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૭૬/–૦૮–૦૯

શ્રી ધનશ્યામભાઈ બાબુભાઈ રોકડનીતા.૨૮–૫–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ મોજે સર્વે નં.૬૯ સીમાડાના બ્લોક નં.૧૦૨/બ, કુબેરનગર સોસા.,સીઓપીમાં વધારાના બાંધકામ સુડાના હુકમ બિનખેતી અંગેના હુકમ સીઓપી અને ખુલ્લા પ્લોટોના માપો, ગેરકાયદેસર પેનલ્ટી, રજાચિઠ્ઠી, યુ.એલ.સી., ડીમોલેશન પાવર ઓફ એટર્ની, અને સબંધિત કર્મચારી વિગેરે અંગે માંગેલી માહિતી ના અનુસંધાને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૪૫ તા.૨૦–૬–૦૮ થી આપેલી માહિતીના મુદ્દા નં. ૧ થી ૪ અને ૯,૧૦ માં ગેરકાયદેસર બાંધકામ અંગે ખોટી માહિતી તેમજ સુડાએ આપેલ બાંધકામ કરતાં વધારે બાંધકામ માપનો રીવાઈઝ પ્લાન અને સીઓપીમાં ઉભા કરેલા ગેરકાયદેસર બાંધકામના ડીમોલેશન બાબતે દાદ માંગતી અપીલ અરજી એપેલેટ ઓફિસરને તા.૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં વિલંબ/વિસંગતતા બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૦ તા.૪–૭–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ તા.૨૧–૬–૦૮ ના રોજ અત્રે મળેલ છે. જે અનુસાર અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ માં સીમાડા બ્લોક નં.૧૦૨/બ, કુબેરનગર સોસા.,ના સીઓપીમાં વધારાની બાંધકામની મંજુરીની વિગતો માંગેલ છે. અરજદારે ટ્રેસીંગ નકશાની માંગણી કરેલ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી વધારાના બાંધકામની માહિતી પૂરી પડાયેલ નથી અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ તથા ૧૦ અંગે અધૂરી માહિતી અને માહિતી આપતાં નથી તેવી રજુઆત કરેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નિયત દસ્તાવેજ ફી ભરીને અરજદારે માહિતી મેળવેલ જણાતી નથી. મુદ્દા નં.૪ તથા ૯ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હકીકતલક્ષી માહિતી આપ્યાનું જણાય છે જયારે મુદ્દા નં.૩ અને ૫ અંગે દફતરસહ માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૭ અંગે અન્ય જાહેર સત્તામંડળને અરજી તબદીલ કર્યાનું દર્શાવેલ છે. મુદ્દા નં.૧ સિવાય જે મુદ્દાઓ અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ છે તે અંગે અરજદારે જણાવેલ ફી ભરી માહિતી મેળવી લેવાની રહે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે માંગેલ નહીં હોવા છતાં નકશાનો ચાર્જ ભરવા જણાવેલ છે તે ઉચિત નથી. તેથી મુદ્દા નં.૧ અંગે હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા તથા બાકીના મુદ્દાઓ અંગે અરજદારને આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં ઈન્સ્પેકશન પુરું પાડી અરજદાર માંગે તે નકલો નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/
તારીખ : –૭–૦૮

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર,***
***સુરત મહાનગરપાલિકા.***

5||T
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન.......જાણ તથા અમલ માટે.
(૨)શ્રી ઘનશ્યામભાઈ બાબુભાઈ રોકડ,